## ખૂણેખાંચરેથી

- રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ જેઓ નાણાં વિભાગનો હવાલો ધરાવે છે તેમણે આજે જી.એસ.ટી. કાઉન્સીલની વર્ચ્યુઅલ બેઠકમાં આજે હાજરી આપી હતી. સાડા પાંચ કલાક ચાલેલી બેઠકમાં તેમણે આ હાજરી આપી હતી.
- ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ બંધ થતાં તેના ૮ જેટલા મ્યુનિ. ક્લાર્કને ૪ વર્ષના સમય માટે ગાંધીનગર જિલ્લા પંચાયતને હવાલે મુકવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત અપીલ સમિતિની બેઠક આજે પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલના અધ્યક્ષપદે મળી હતી. આ બેઠકમાં ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ થયેલા ગામોની અપીલો આજે કાઢી નાંખવામાં આવી હતી.
- ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યભરમાં તુટેલા માર્ગોની મરામત માટે સમયબદ્ધ કાર્યયોજના તૈયાર કરી અને રિપેરીંગની કામગીરી હાથ ધરવા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ જેઓ માર્ગ-મકાન વિભાગનો હવાલો ધરાવે છે તેમણે તંત્રને તાકીદ કરી છે.
- ગાંધીનગર જિલ્લામાં અત્યારે રોજના ૧ હજાર જેટલા લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યાનું જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યુ હતુ.
- ગાંધી વિચારક અને ગાંધી આશ્રમ ઝિલીયાના આદ્ય સ્થાપક અને ચાણસ્માના પૂર્વ ધારાસભ્ય માલજીભાઈ દેસાઈએ તેમના ફાઉન્ડેશનમાંથી રૂ. ૧ લાખનો ચેક કલેક્ટર પાટણને આપ્યો છે. આ ચેક ટ્રસ્ટના લાલુભાઈ દેસાઈએ કલેક્ટરને અર્પણ કર્યો હતો.




## એનએસયુઆઈના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન

ગાંધીનગર શહેરના સચિવાલય ગેટ નં-૧ પાસે અમદાવાદથી એનએસયુઆઈના કાર્યકરો મુખ્યમંત્રી સામે વિરોધ પ્રદર્શન અને સુત્રોચ્ચાર કરતા હતા. જેને પગલે પોલીસે હાજર એનએસયુઆઈના કાર્યકરોની અટકાયત કરી હતી. જયારે અમદાવાદ એનએસયુઆઈના કાર્યકરો વિરોધ નોંધાવવા માટે ગાંધીનગર આવ્યા હતા, પરંતુ ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈને કાર્યક્રમની જાણ ન હોવાનું જાણવા મળ્યું છે.

# ગાંધીનગર એલસીબી પોલીસે ચોરીના વાહનો સાથે બે શખ્સોને પકડી પાડ્યા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર એલસીબી પોલીસે વર્ષ ૨૦૧૭માં પાલનપુરથી ચોરી કરેલા બાઈક સાથે એક શખ્સને માણસા ત્રણ રસ્તાથી પકડી પાડી રૂ.૧૦હજારનું બાઈક કબ્જે કર્યું હતું. જયારે બીજા બનાવમાં ત્રણેક વર્ષ પહેલા નવરંગપુરા સેંટ ઝેવિયર્સ કોલેજ પાસેથી ચોરી કરેલા એકટીવા કિ.૨૫ હજાર સાથે એક શખ્સને સેકટર-૨૮ બગીચાના ગેટ પાસેથી પકડી પાડી એલસીબી પોલીસે બંન્ને શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પોલીસે વિવિધ બનાવમાં ચોરીના બાઈક અને એકટીવા સાથે બે શખ્સોને પકડી પાડ્યા છે. એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા.તે સમયે સાથે રહેલા કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ફુલુભાને ચોરીના એકટીવા અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સેકટર-૨૮ બગીચાના દરવાજા પાસેથી જી.જે.૦૧.જે.ડબલ્યું.-૧૦૫૭ નંબરના એકટીવા સાથે એક શખ્સને પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સનું નામ અંગે પુછતાછ કરતા નરોડા




મોટા ઠાકોરવાસ ખાતે રહેતો રાહુલ ગોવિંદભાઈ ઠાકોર હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે એકટીવા શખ્સે ત્રણ વર્ષ પહેલા નવરંગપુરા સેન્ટ ઝેવિયર્સ કોલેજ નજીકથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂ.૨૫ હજારના એકટીવા કબ્જે લીધુ હતું. અમદાવાદ યુનિવર્સિટી પોલીસ મથકે એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાઈ હતી.

જયારે બીજા બનાવમાં એલસીબી પોલીસ મથકના હે.કો અનુપસિંહ અને કોન્સ્ટેબલ અનોપસિંહને ચોરીના બાઈક અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે માણસાથી ચરાડા જવાના ત્રણ રસ્તા પરથી નંબર વિનાના સ્પ્લેન્ડર બાઈક સાથે એક શખ્સને પકડી પાડ્યો હતો. પોલીસે શખ્સે નામ પુછતા તેણે માણસાના ચરાડા ગામનો વિક્રમ જીવરાજભાઈ લુવા (ઉં.૨૪)હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે બાઈકના આધાર પુરાવાના કાગળો માંગતા તે શખ્સ પાસે ન હતા. જેથી પોલીસે ઝીણવટભરી તપાસ કરતા તેણે વર્ષ ૨૦૧૭માં પાલનપુર ચોકડી થી શહેર તરફ જવાના માર્ગ પરથી ઓલા શોંપીગ પાસેથી બાઈકની ઉઠાંતરી કરી હોવાની કબુલાત કરી હતી. જયારે બાઈકની નંબર પ્લેટ કાંઢીને ફેંકી દીધી હતી અને તે શખ્સ બાઈક ફેરવતો હતો જેથી પોલીસે રૂ.૧૦ હજારની કિંમતનું બાઈક જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

# વૈષ્ણોદેવી સર્કલ પાસે એ.એમ.ટી.એસ. બસ ખાડામાં ઉતરી પડી

ગાંધીનગર, તા.૨૭

વૈષ્ણોદેવી સર્કલ પાસે બપોરના સુમારે એએમટીએસની બસ અચાનક વરસાદી પાણી ભરેલા ખાડામાં પડી હતી. બસ ખાડામાં ખાબકતા મુસાફરોએ હોહા મચાવી દીધી હતી. બસમાં સવાર ચાર જેટલા મુસાફરોને ઈજા પહોંચી હતી. જેમાં એક મુસાફરને પગમાં ફ્રેકચર થયુ હોવાનું ધ્યાને આવ્યું છે. બપોરના સમયે આ ઘટના સર્જાતા સ્થળ પર મોટી સંખ્યામાં વ્યક્તિઓ એકઠા થઈ ગયા હતા. જયારે બનાવ અંગે મોડી સાંજે પોલીસ ફરીયાદ થઈ હતી.

ગાંધીનગર-સરખેજ માર્ગ પર વૈષ્ણોદેવી સર્કલ પાસે ગુરુવારના રોજ બપોરના સમયે એએમટીએસ બસને અકસ્માત નડ્યો હતો.ઉજાલાથી વૈષ્ણોદેવી સર્કલ રૂટની ૫૦૧ નંબરની એએમટીએસની બસ અચાનક કોઈ કંઈ સમજે તે પહેલા પાણી ભરેલા ખાડામાં જઈને પડી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બસની બ્રેક ફેઈલ થઈ જતા આ ઘટના સર્જાઈ હતી.

ડ્રાઈવરે સમય સુચકતા વાપરીને ભીડભાડવાળા જગ્યાના બદલે અન્ય બાજુએ બસ વાળી હતી. જેમાં સિકસલેન માર્ગ અને ફલાયઓવર બ્રિજની કામગીરીના સમયે ખોદાયેલા ખાડામાં બસ ઉતરી ગઈ હતી. બનાવને પગલે હાજર ગાંધીનગર ટ્રાફિકના જવાનો પણ તાત્કાલીક પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી. જેઓએ બસમાંથી ચાર જેટલા મુસાફરોને બહાર નીકાળ્યા હતા. તમામ મુસાફરોને સારવાર માટે સોલા સિવિલ ખસેડાયા હતા. અકસ્માતમાં બસને પણ નુકશાન થવા પામ્યું છે. બનાવ બાદ ડ્રાઈવરને અડાલજ પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો.

# ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ દિલ્લી પહોંચ્યા

ગાંધીનગર,તા.૨૭

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટિલ દિલ્હીની મુલાકાતે પહોંચી ગયા છે. જ્યાં તેઓ હાઉસિંગ કમિટિની બેઠકમાં ભાગ લેશે. જો કે ત્યારબાદ સી. આર. પાટીલ કેન્દ્રીય નેતૃત્વ સાથે પણ મુલાકાત કરે તેવી શક્યતા છે. જેને લઈને ગુજરાત ભાજપ સંગઠનમાં ફેરફાર અંગે ચર્ચા કરવામાં આવે તેવી અટકળો તેજ બની ગઈ છે.

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટિલ દિલ્હીની મુલાકાતે જઈ રહ્યાં છે ત્યારે ફરી રાજ્યના સંગઠનમાં ફેરફારને લઈને અટકળો તેજ બની ગઈ છે. જો કે સી. આર. પાટીલ પોતે હાઉસિંગ કમિટિના અધ્યક્ષ હોય તેને લઈને હાઉસિંગ કમિટીની બેઠકમાં ભાગ લેવા દિલ્હી જઈ રહ્યાં છે. આ બેઠકમાં સી. આર. પાટીલ દિલ્હી ખાતે કેન્દ્રીય નેતૃત્વ સાથે પણ મુલાકાત કરે તેવી શક્યતા છે. જેમાં તેઓ ગુજરાત ભાજપ સંગઠનમાં ફેરફારને લઈને ચર્ચા કરે તેવી સંભાવના જોવામાં આવી રહી છે. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે હાલમાં જ સૌરાષ્ટ્રનો પ્રવાસ કર્યો હતો.

ત્યારબાદ ગઈકાલે ભાજપ પ્રદેશ પ્રમુખ એકશન મોડમાં જોવા મળ્યાં હતા. જેને લઈને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર સામે કડક કાર્યવાહી રૂપે આકરા પગલા લીધા હતા. પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા ૩૮ હોદ્દેદારોને પ્રદેશ પ્રમુખ પાટીલે સસ્પેન્ડ કરી દીધા હતા. મેન્ડેટનો અનાદર કરનારા સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સસ્પેન્ડ થયેલા સભ્યોએ નગરપાલિકાની પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં પાર્ટીના મેન્ડેટનો અનાદર કર્યો હતો. ઉપલેટામાંથી ૧૪, રાપરમાંથી ૧૩, હારીજમાં ૪, ખેડબ્રહ્મામાં ૨, થરાદમાં ૩ અને તળાજામાં ૨ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# કોંગ્રેસના મહામંત્રી રાકેશ જાનીને કોરોના પોઝીટીવ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને યુવા અગ્રણી રાકેશ જાનીને કોરોના પોઝીટીવ આવ્યો છે.

શ્રાવણ માસની ઉજવણી માટે તેઓ સોમનાથ ગયા હોવાનું જાણવા મળેલ છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ પછી હવે તેમને કોલવડા કોવિડ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

જાનીની તબિયત સારી હોવાનું તેમના નિકટવર્તી સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# સી. આર. પાટીલ હવે ૩જી સપ્ટેમ્બરથી ઉત્તર ગુજરાતનાં પ્રવાસે

ગાંધીનગર,તા.૨૭

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ સૌરાષ્ટ્રના પ્રવાસ બાદ હવે ઉત્તર ગુજરાતના પ્રવાસે જશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના વિસ્તાર સૌરાષ્ટ્રના પ્રવાસ બાદ પાટીલ હવે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના વિસ્તાર ઉત્તર ગુજરાત પણ જશે. ૩ સપ્ટેમ્બરથી પાટીલના ઉત્તર ગુજરાતનાં પ્રવાસની શરૂઆત થશે. સી.આર. પાટીલના ૨થી ૩ દિવસના ઉત્તર ગુજરાતનાં પ્રવાસનું આયોજન થઈ રહ્યુ છે. પાટીલ અંબાજી દર્શન કરી ઉત્તર ગુજરાતના પ્રવાસની શરૂઆત કરશે. ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, પાલનપૂર જેવા મુખ્ય સેન્ટરો પર સી આર પાટીલ ભાજપના કાર્યકરોને મળશે. પાટીલના ઉત્તર ગુજરાત નાં પ્રવાસમા વધુ ભીડ ભેગી ન થાય અને સોશિયલ ડિસ્ટંસ જળવાય તેં માટે ખાસ સૂચનાઓ અપાઈ છે.

આ અઠવાડિયાના અંતમાં ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ બે દિવસ માટે દિલ્હી જઈ રહ્યાં છે તેના કારણે રાજ્યના સંગઠનમાં નિમણૂકોનો દોર શરૂ થશે એવી અટકળો તેજ બની ગઈ છે. પાટીલ પોતાની નવી ટીમ અંગે ભાજપ હાઈકમાન્ડ સાથે ચર્ચા કરશે એવી ચર્ચા ચાલી રહી છે. અલબત્ત સત્તાવાર રીતે સી. આર. પાટીલ લોકસભાની હાઉસિંગ કમિટીની બેઠકમાં ભાગ લેવા દિલ્હી જઈ રહ્યાં છે.

પાટીલ લોકસભાની હાઉસિંગ કમિટિના ચેરમેન હોવાથી આ બેઠકમાં ભાગ લેવા જશે. આ મુલાકાત દરમિયાન સી. આર. પાટીલ દિલ્હી ખાતે કેન્દ્રીય નેતાઓને મળે તેવી શક્યતા છે. આ મુલાકાત દરમિયાન ગુજરાત ભાજપ સંગઠનમાં ફેરફારને લઈને ચર્ચા કરે તેવી સંભાવના જોવામાં આવી રહી છે. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે હાલમાં જ સૌરાષ્ટ્રનો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસ દરમિયાન તેમણે આકરા વલણનો પરચો આપીને કાર્યકરો તથા નેતાઓને પક્ષ માટે પૂરી તાકાતથી કામે લાગવા કહ્યું હતું.

# એક જ દિવસમાં રાજ્યમાં ૭ ટીપી સ્કીમને મંજુરી અપાઈ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોના-કોવિડ-૧૯ સંક્રમણ સાથે-સંક્રમણ સામે જનજીવન ઝડપભેર પૂર્વવત બનાવવા ન્યૂ નોર્મલ નવી જનજીવન શૈલીથી વિકાસ કામોને ગતિ આપવાની સંકલ્પબદ્ધતા સાથે એક જ દિવસમાં ૭ જેટલી ટી.પી સ્કીમને મંજૂરી આપી છે. તેમણે રાજ્યમાં આયોજનબદ્ધ શહેરી વિકાસ માટે મહત્વપૂર્ણ ટૂલ એવા ડી.પી, ટી.પી.ની મંજૂરીમાં ગતિશીલતા અને પારદર્શીતાના અભિગમ સાથે જે ૭ ટી.પી સ્કીમ મંજૂર કરી છે તેમાં ૩ ડ્રાફ્ટ ટી.પી, ૨ પ્રીલીમીનરી તેમજ ૨ ફાયનલ ટી.પી.નો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીએ આ ૭ ટી.પી ને મંજૂરી આપતાં ૨૦૨૦ના વર્ષમાં રાજ્યમાં ટી.પી.ડી.પી ની. મંજૂરીનું અર્ધશતક પાર થયું છે. આ એક જ વર્ષમાં તેમણે ૨૪ ડ્રાફ્ટ ટી.પી, ૧૬ પ્રિલીમીનરી ટી.પી અને ૭ ફાયનલ ટી.પી તેમજ ૩ ડ્રાફ્ટ ડેવલપમેન્ટ પ્લાન સાથે ૫૦ ટી.પી, ડી.પી.ની પરવાનગીઓ આપી છે. વિજય રૂપાણીએ રાજ્યના શહેરી ક્ષેત્રોના વિકાસ સાથે આર્થિક-સામાજીક રીતે નબળા વર્ગોના લોકો માટે આવાસ નિર્માણ, જાહેર સુવિધાઓ તેમજ ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસેલિટીઝ માટે સત્તાતંત્રોને જમીન સંપ્રાપ્ત કરાવવાના નિર્ણાયક અભિગમ સાથે આ અગાઉ ૨૦૧૮ અને ૨૦૧૯ના વર્ષોમાં સતત ૧૦૦-૧૦૦ ટી.પી.ની મંજૂરીની સિદ્ધિ મેળવેલી છે. હવે, મુખ્યમંત્રીએ ૨૦૨૦ના વર્ષમાં જે વધુ ૭ ટી.પી ને એકસાથે મંજૂરી આપી છે તેમાં ઔડાની બે ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં. ૪૩૦ વિસલપુર નં. ૪૩૬ ભાવનગરની ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં ૧૬, અમદાવાદની જ બે વેરીડ પ્રીલીમનરી ટીપી સ્કીમ નં. ૧, ૪૭ તથા બે ફાયનલ ટીપી સ્કીમ જેમાં ગુડાની નં. ૧૧/એ અડાલજ તથા રાજકોટની ટીપી ૯ને મંજૂરી આપી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના સાહેબ, માસ્ક પહેરવાથી ગભરામણ નથી થતી પરંતુ માસ્ક ન પહેરેલાં હોય અને પોલીસવાળાને જોઉ ત્યારે ગભરામણ થાય છે...!!

### જિલ્લાના ખેડૂતોને કિસાનલક્ષી યોજનાઓથી વાકેફ કરવાના આશયથી

# માણસા ખાતે મુખ્યમંત્રી સહાય યોજના કાર્યક્રમનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ધરતીપુત્રોને સરકારની વિવિધ કિસાનલક્ષી યોજનાઓથી વાકેફ કરવાના ઉમદા આશયથી માણસા ખાતે મુખ્યમંત્રી સહાય યોજના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. માણસાની શ્રી ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ ફાઉન્ડેશન ખાતે તા. ૨૮મી ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ સવારના ૯.૩૦ કલાકે આ કાર્યક્રમ જિલ્લા પ્રભારી મંત્રી અને મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાશે.

રાજય સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રની એનક સહાય યોજનાઓ અમલી બનાવી છે. આ યોજનાઓથી ગાંધીનગર જિલ્લાના સર્વે ખેડૂતો માહિતગાર થાય અને વુધમાં વધુ ખેડૂતો તેનો લાભ લઈ શકે તેવા ઉમદા આશયથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માણસા ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ થકી ખેડૂતોને મુખ્યમંત્રી કિસાન સહાય યોજના તેમજ ખેતીવાડીની અન્ય નવીન બાબતોથી ખેડૂતોને માહિતગાર કરવામાં આવશે. કૃષિક્ષેત્રે નવીનતમ સશોધન, ભલામણો અને કૃષિ, બાગાયત અને પશુપાલન વિભાગની વિવિધ સહાયકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવશે. મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાની વિસ્તૃત માહિતી આપવામાં આવશે. તેમજ ખેતીવાડી ક્ષેત્રની નવીન યોજનાઓની પ્રાથમિક મંજુરી અને ચુકવણા આદેશનું વિતરણ પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવશે.


## ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબરઃ L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ટેલિ.: +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧/૨૩૨૬૮૫૦૦ ફેક્સઃ +૯૧-૭૯-૨૩૨૬૮૫૦૬, વેબસાઇટઃ www.gspcgroup.com ઇમેઇલઃ investors.gspl@gspc.in

**વીડીઓ કોન્ફરન્સીંગ (વીસી)/અન્ય ઓડીઓ વીઝ્યુઅલ માધ્યમ (ઓએવીએમ) મારફતે યોજાનાર ૨૨મી (બાવીસમી) વાર્ષિક સાધારણ સભા. ઈ-મેઈલ આઈડી/બેન્ક મેન્ડેટસ અપડેશન અને ડીવીડન્ડની આવક પર ટીડીએસની શેરધારકોને નોટિસ**

**૧. વીસી/ઓએવીએમ દ્વારા કંપનીની ૨૨મી વાર્ષિક સાધારણ સભા :**

આથી નોટિસ આપવામાં આવે છે કે ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ (“કંપની”) ના શેરધારકોની ૨૨મી વાર્ષિક સાધારણ સભા (“એજીએમ”) તા.૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ બપોરનાં ૩:૦૦વાગ્યે (આઈએસટી)કાયદો ૨૦૧૩માં લાગુ પડતી જોગવાઈઓ અને તેની હેઠળ ઘડાયેલ નિયમો સેબી (લીસ્ટીંગ અને જવાબદારીઓ અને ઘટસ્ફોટ જરૂરીયાત) નિયમ ૨૦૧૫ને કોર્પોરેટ બાબતોનાં મંત્રલાય દ્વારા જારી કરાયેલ (“એમસીએ પરિપત્રો”) નં. ૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ ૨૦૨૦ સામાન્ય પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ ૨૦૨૦ અને સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તા.૫મી મે,૨૦૨૦ અને નાણાંકિય વર્ષનું અને સેબીનાં પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે,૨૦૨૦ (સેબી પરિપત્ર)ની જોગવાઈનું પાલન કરીને એજીએમની નોટિસમાં નક્કી કર્યા મુજબ ખાસ અને સાધારણ કામકાજની કાર્યવાહી કરવા માટે યોજવામાં આવશે. સભ્યો માત્ર વીસી/ઓએવીએમની સવલત દ્વારા જ મીટીંગ જોડાઈને ભાગ લઈ શકશે.૨૨મી એજીએમ માં જોડાવાની સુચના અને રીમોટ ઈલેક્ટ્રોનીક વોટીંગમાં ભાગ લેવાની અથવા ૨૨મી એજીએમ દરમ્યાન ઈ-વોટીંગ પધ્ધતિથી મત આપવાની રીત ૨૨મી એજીએમી નોટિસમાં પુરી પડાયેલ છે. કંપની ધારો ૨૦૧૩,ની કલમ ૧૦૩ હેઠળ વીસી/ઓએવીએમ મારફત હાજર રહેલા સભ્યોને કોરમની ગણતરી લેવાશે.

**૨. નાણાંકિય વર્ષ ૨૦૧૯-૨૦ની વાર્ષિક અહેવાલ અને એજીએમ નોટિસની માત્ર ઈલેક્ટ્રોનીક મોડ દ્વારા જ રવાનગી.**

એમસીએ પરિપત્ર અને સેબી પરિપત્રો અનુસાર જેમનાં ઈ-મેઈલ સરનામા કંપનીનાં આર એન્ડ ટીએ / ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ સાથે નોંધાયેલા છે તેવા કંપનીના તમામ સભ્યોને તા.૩૧મી માર્ચ, ૨૦૨૦ના રોજ પુરા થતાં નાણાંકિય વર્ષનું નાણાંકિય નિવેદન (ફાયનાન્સીયલ સ્ટેટમેન્ટ) સહિત નાણાંકિય વર્ષ ૨૦૧૯-૨૦ની વાર્ષિક અહેવાલ અને ૨૨મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ મોકલવામાં આવશે. કંપનીની વેબસાઈટ www.gspcgroup.com અને સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ જ્યાં કંપનીના શેર લીસ્ટેડ થયેલ છે, જેવી કે, ( www.bseindia.com) અને (www.nseindia.com) થી પણ પ્રાપ્ત કરી શકાશે. ૨૨મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (India) લીમીટેડ (સીડીએસએલ) (www.evotingindia.com) થી પણ પ્રાપ્ત કરી શકાશે.

**૩. ઈ-મેઈલ આઈડી અને બેન્ક મેન્ડેટસ નોંધાવવા / અપડેટ કરાવવા :**

**ઈ-મેઈલ આઈડી નોંધવવાની / અપડેટ કરાવવાની રીત**

જે સભ્યોએ તેમના ઈ-મેઈલ એડ્રેસ કંપની / ડીપોઝીટરીઝ પાસે નોંધાવેલ નથી તેઓ નીચે દર્શાવેલ દસ્તાવેજો ઈ-મેઈલ મારફત einward.ris@kfintech.com ને મોકલાવીને અથવા કંપનીનાં રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ જેવાં કે KFin Technologies Private Limited (“KFintech”) : ને લેખીતમાં મોકલીને નોંધાવી શકે છે.

**ફીઝીકલ મોડમાં શેરધરાવતાં શેરધારકો માટે :**

**એ**) તમારુ નામ, ફોલીઓ નંબર પૂરું સરનામું દર્શાવતી તમારી સહી કરેલ એક વિનંતી પત્ર, **બી**) પાન કાર્ડની સ્વ-પ્રમાણીત સ્કેન્ડ કોપી, અને, **સી**) સભ્યનાં કંપની સાથે નોંધાયેલી સરનામાનાં ટેકા માટે કોઈપણ એક દસ્તાવેજ ( જેવા કે આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, પાસપોર્ટ) ની સ્વ-પ્રમાણિત સ્કેન્ડ કોપી.

**ડીમેટ મોડમાં શેરધરાવતા શેરધારકો માટે :**

**એ**) નામ અને ડીમેટ એકાઉન્ટની વિગતો (સીડીએસએલ - ૧૬ અંકોનો બેનીફીસીયરી આઈડી અથવા એનએસડીએલ - ૧૬ અંકોનો ડીપી આઈડી + કલાયન્ચ આઈડી, **બી**) કલાયન્ટ માસ્ટર અથવા કોન્સોલીડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ. **સી**) પાનકાર્ડની સ્વપ્રમાણિત સ્કેન્ડ કોપી અને, **ડી**) સભ્યોનાં કંપની સાથે નોંધાયેલા સરનામાંના ટેકો માટે કોઈપણ એક દસ્તાવેજ (જેવા કે આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ) ની સ્વપ્રમાણિત સ્કેન્ડ કોપી.

ડીમેટ મોડમાં શેર ધરાવતા શેર ધારકોએ પણ તેમનાં ઈ-મેઈલ એડ્રેસ તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ સાથે અપડેટ કરાવી લેવા વિનંતી.

**બેન્ક મેન્ડેટસ નોંધવવાની / અપડેટ કરાવવાની રીત**

જે સભ્યો ફીઝીકલ ફોર્મમાં શેર ધરાવે છે અને ઈલેક્ટ્રોનીક ક્લીયરીંગ સર્વીસ કે અન્ય કોઈ માધ્યમો ( “ઈલેક્ટ્રોનીક બેન્ક મેન્ડેટ”) મારફત ડીવીડન્ડ તેમનાં બેન્ક ખાતમાં સીધું જ મેળવવા માટે તેમનો મેન્ડેટ અપડેટ કરાવેલ નથી તેઓ ઈ-મેઈલ દ્વારા einward.ris@kfintech.com ને નીચે જણાવેલ વિગતો / દસ્તાવેજો મોકલીને અથવા કંપનીનાં રજીસ્ટાર અને શેર ટ્રાન્સફર એજન્ટ જેવા કે, KFin Technologies Private Limited (“KFintech”) લેખીતમાં મોકલીને તેમનાં બેન્ક ખાતામાં ઈલેક્ટ્રોનીકલી સીધુ જ ડીવીડન્ડ મેળવવા માટે નોંધણી કરાવી શકે છે.

**એ**) જે ખાતમાં ડીવીડન્ડ મેળવવાનું છે તે બેન્કનું નામ, શાખાનું નામ અને ખાતાનો પ્રકાર, **બી**) કોર બેન્કીંગ સોલ્યુશનનાં અમલીકરણ બાદ તમારી બેન્ક દ્વારા ફાળવવામાં આવેલ બેન્ક એકાઉન્ટ નંબર, **સી**) ૧૧ આંકડાનો IFSC Code અને, **ડી**) કેન્સલ કરાયેલ ચેકની સ્વપ્રમાણિક સ્કેન્ડ કોપી જેના પર સભ્યનું નામ હોય. સંયુક્ત નામનાં શેરનાં કિસ્સામાં પ્રથમ હોલ્ડરનું નામ હોય તેવી ચેકની સ્કેન્ડ કોપી.

ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોએ તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ સાથે તેમનો ઈલેક્ટ્રોનીક બેન્ક મેન્ડેટ અપડેટ કરાવી લેવા વિનંતી.

**૪. એજીએમમાં મુકાયેલ ઠરાવો પર વોટીંગની રીત**

એજીએમની નોટિસમાં મુકાયેલ બધાંજ ઠરાવો પર શેરધારકોને તેમના મત આપવા માટે રીમોટ ઈ-વોટીંગની સગવડતા (“રીમોટ ઈ-વોટીંગ”) કંપનીએ પુરી પાડેલ છે. વધુમાં એજીએમ દરમ્યાન ઈ-વોટીંગ પધ્ધતિથી વોટીંગ કરવાની સગવડ કંપની પુરી પાડશે (“ઈ-વોટીંગ”) ડીમેટ મોડમાં, ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવતાં અને જે શેરધારકોએ તેમનાં ઈ-મેઈલ એડ્રેસ નોંધાવેલ નથી તેવાં શેરધારકો માટે રીમોટ ઈ-વોટીંગ / ઈ-વોટીંગ રીત એજીએમની નોટિસમાં વિગતવાર પુરી પાડવામાં આવશે. કંપનીની વેબસાઈટ www.gspcgroup.com અને સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (India) લીમીટેડ (સીડીએસએલ) (www.evotingindia.com) પરથી પણ માહિતી મેળવી મેળવી શકાશે.

**૫. ડીવીડન્ડ, તેની રેકોર્ડ તારીખ એજીએમ વખતે જો ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત અને ડીવીડન્ડની આવક પર વેરો.**

**ડીવીડન્ડ અને તેની રેકોર્ડ તારીખ**

શેરધારકોએ નોંધ લેવી કે બોર્ડ ઓફ ડીરેક્ટર્સ તેની તા. ૮મી જુન, ૨૦૨૦ની મીટીંગમાં રૂા. ૧૦ના એક એવા દરેક શેર દીઠ અંતિમ ડીવીડન્ડ રૂા. ૨.૦૦ (એટલે કે ૨૦%ના દરે) ૩૧મી માર્ચ ૨૦૨૦ના રોજ પુરા થતાં નાણાંકિય વર્ષ માટે આગામી એજીએમમાં શેરધારકોની મંજુરીને આધિન રહીને જાહેર કરેલ છે.

કંપનીએ ૩૧મી માર્ચ, ૨૦૨૦ના રોજ પુરા થતાં નાણાકિય વર્ષ માટે શેરદીઠ રૂા.૨.૦૦ (એટલે કે ૨૦%) ડીવીડન્ડની ઉમેદવારી નક્કી કરવા માટેની “રેકોર્ડ તારીખ” તરીકે તા.૧૦-૦૯-૨૦૨૦ નક્કી રાખેલ છે.

**એજીએમ વખતે જો ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો તેની ચુકવણીની રીત**

૨૨મી એજીએમ માં જો શેરધારકો દ્વારા ડીવીડન્ડ મંજુર કરવામાં આવેતો જે શેરધારકોએ તેમની બેંકની માહિતી અપડેટ કરેલ છે. તેમને ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા ચૂકવવામાં આવશે. જે શેરધારકોએ તેમની બેંકની માહિતી એપડેટ નથી કરી, તેઓને પોસ્ટલ સેવાઓ સામાન્ય થયા બાદ તેમનો રજીસ્ટર્ડ સરનામે ડીવીડન્ડ વોરંટ/ ડીમાડ ડ્રાફ્ટ મોકલાશે.

ડીવીડન્ડ મેળવામાં મોડું થતું અટકાવવા માટે અને ચુકવણની તારીખે જ પોતાનાં બેન્ક ખાતામાં મેળવવા માટે ઉપરનાં ફકરા ૩માં દર્શાવેલ પ્રક્રિયા અનુસરીને પોતાની બેન્કની માહિતી અપડેટ કરવા શેરધારકોને વિનંતી કરવામાં આવે છે.

**ડીવીડન્ડની આવક પર વેરો**

નાણાં અધિનીયમ ૨૦૨૦ને અનુસરતા તા. ૧લી એપ્રીલ,૨૦૨૦થી શેરધારકોનાં હાથમાં આવતી ડીવીડન્ડની આવક વેરાપાત્ર ગણાશે અને કંપનીએ શેરધારકોને ચુકવેલ ડીવીડન્ડ પર સ્ત્રોત પર પ્રવર્તમાન દરે કપાત કરવી જરૂરી છે. કંપનીનાં રજીસ્ટાર અને ટ્રાન્સફર એજન્ટ (આર એન્ડ ટીએ) KFin Technologies Private Limited ("KFin") સાથે (ફીજીકલ મોડમાં રખયેલ શેર્સનાં કિસ્સામાં) અને ડીપોઝીટરી પાર્ટસીપન્ટ સાથે (ડીમેટ મોડમાં રખાયેલ શેર્સનાં કિસ્સામાં) તેમનાં પાન કાર્ડ અપડેટ કરવા શેરધારકોને વિનંતી કરવામાં આવે છે.

કાયદાની કલમ ૧૯૪ હેઠળ રહેવાસી શેર ધારકનોનો વેરો નીચે દર્શાવ્યા મુજબ કપાશે :

| | |
|---|---|
| **જે શેરધારકો માન્ય પાન કાર્ડ છે** | ૭.૫% |
| **જે શેરધારકો પાસે પાન કાર્ડ નથી / અમાન્ય પાન કાર્ડ છે** | ૨૦% |

વ્યક્તિગત રહેવાસી શેરધારકને તેની/ તેણીની કંપનીની દ્વારા ચુકવવાપાત્ર ડીવીડન્ડની રકમ રૂા. ૫૦૦૦/- થી વધારે ન હોય તો ટીડીએસ લાગુ પડતો નથી. બીજા અન્ય વર્ગનાં રહેવાસી શેરધારકો જેમ કે મ્યુટઅલ ફંડ, ઈન્સ્યોરન્શ કંપની વગેરે એ આવકવેરાની ધારા મુજબ કર મુક્તી માટે જરૂરી દસ્તાવેજો / ડીક્લેરેશન જમા કરાવવાનું રહેશે.

આ ઉપરાંત માન્ય PAN ધરાવતાં વ્યક્તિગત રહેવાસી શેરધારકો કે જેઓની નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ કુલ આવક મૂળભૂત મુક્તિ મર્યાદાથી વધારે થાય તેમ નથી. તેઓ ટીડીએસ ના કપાવવા માટે ફોર્મ નં. ૧૫જી/૧૫એચ જમા કરવું.

**બીન-રહેવાસી શેરધારકો** માટે કાયદાની કલમ ૧૯૫/૧૯૬ડી/ કાયદાને સુસંગત લાગુ પડતી અન્ય કોઈપણ કલમ હેઠળ ૨૦% (વત્તા લાગુ પડતી સરચાર્જ અને સેસ) ના દરે વેરો કપાશે. તેમ છતાં બીન-રહેવાસી શેરધારકો (એફઆઈઆઈ/ એફપીઆઈ સિવાયનાઓ) તેમનાં રહેણાંકના દેશ અને ભારતદેશ વચ્ચે થયેલ કર-સંધિ લાભ માટે જો તેઓ જરૂરી દસ્તાવેજો જેવા કે નો-પરમેનેન્ટ એસ્ટાબ્લીશમેન્ટ અને બેનીફીશીયલ ઓનરશીપ ડીક્લેરેશન, ટેક્ષ રેસીડેન્સી સર્ટીફિકેટ, ફોર્મ૧૦ એફ, તેમજ અન્ય દસ્તાવેજો જે કરસંધિ નો લાભ મેળવવાં જરૂરી હોય તે પુરા પાડે તો, કરસંધિનાં દરોનો લાભ મેળવી શકશે.

શેરધારકોએ ઉપર દર્શાવેલ ફોર્મ્સ / દસ્તાવેજો અમારા આર એન્ડ ટીએ (“KFintech”)નાં અપલોડ સેન્ટર https://ris.kfintech.com/form15 પર અપલોડ કરવાં અથવા einward.ris@kfintech.com પર ઈ-મેઈલથી મોકલવા. વર્ગ મુજબ લાગુ પડતા ટીડીએસ અને મુક્તિ મેળવવાં માટે / ઓછા ટીડીએસ કપાવા માટે જરૂરી દસ્તાવેજનો વિગત વેબ-લીંક / ઈ-મેઈલ અલગ ઈ-મેઈલ મારફતે તા. ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ શેરધારકોને તેમના આર એન્ડ ટીએ/ડીપોઝીટરી પાર્ટીસિપન્ટ પાસે નોંધયેલ ઈ-મેઈલ આઈડી પર મોકલેલ છે. તે કંપનીની ૨૨મી વાર્ષિક સાધારણ સભા યોજવાની નોટિસનાં ભાગ તરીકે પણ આ પુરુ પાડશે. આ સમગ્ર પ્રક્રિયા સમજવા અને જરૂરી દસ્તાવેજોની જરૂરીયાત માટે અમારી વેબસાઈટ (http://gspcgroup.com/GSPL/tds-dividend) પર પણ જઈ જોઈ શકે છે.

શેરધારકોને ઉપર દર્શાવેલ જાહેરાત (ડીક્લેરેશન) અને દસ્તાવેજો તા.૧૨-૦૯-૨૦૨૦ સુધીમાં કે તે અગાઉ સુપરત કરવા જરૂરી છે. આથી મહેરાબની કરીને નોંધ લેવી કે જણાવેલ તારીખ ૧૨-૦૯-૨૦૨૦ બાદ મળેલ અને અધુરા કે ક્ષતિવાળા ફોર્મ કોઈપણ સંજોગોમાં ધ્યાને લેવાશે નહિં અને કંપની દ્વારા ટેક્ષ ન કાપવા માટે કે ઓછી કાપવા માટેનો લાભ મેળવવા માટે લાયક ગણાશે નહી. આવા કપાયેલ ટેક્ષ બાબત કંપની પર કોઈ જાતનો દાવો કરી શકાશે નહિ તે બાબતની પણ નોંધ લેવા વિનંતી. ઉપરોક્ત માહિતી એમસીએનાં પરિપત્રો અને સેબીનાં પરિપત્રો અનુસાર કંપનીનાં તમામ સભ્યશ્રીઓનો જાણ માટે અને લાભાર્થ મોકલેલ છે.

**ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ વતી**
**સહી**
**રાજેશ્વરી શર્મા**
**કંપની સેક્રેટરી અને કોમ્પલાયન્સ ઓફિસર**

**તારીખ : ૨૭મી ઓગષ્ટ,૨૦૨૦**
**સ્થળ : ગાંધીનગર**